# SAURASHTRA UNIVERSITY


**Dr. Girish Bhimani**
Dean,
Faculty of Science,
Saurashtra University,
Rajkot

**Dr. Kishor Atkotiya**
Chairman,
Computer Science Board of Study,
Saurashtra University,
Rajkot


Date :- 22/07/2013

પ્રિન્સીપાલ સાહેબ,

આપને આનંદ સાથે જણાવવાનું કે I.I.T. મુંબઈ એ “સ્પોકન ટયુટોરીયલ પ્રોજેક્ટ” અંતર્ગત આપણી યુનિવર્સીટી સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે કમ્પુટર સોફ્ટવેર ટ્રેનીંગ માટે સૌરાષ્ટ્ર યુનીવર્સીટીની પસંદગી કરી ને આ માટે M.O.U. કરવા માટે આમંત્રણ આપેલ છે. આ પ્રોજેક્ટ દ્વારા સૌરાષ્ટ્ર યુનીવર્સીટી સાથે જોડાણ ધરાવતી તમામ કોલેજો ના અધ્યાપકો અને વિદ્યાર્થીઓં તાલીમ વિનામૂલ્યે મેળવીને અને પરીક્ષા આપી શકશે.

આ પ્રોજેક્ટ શરુ કરવા માટે કોલેજ માં ઈન્ટરનેટ જોડાણ ધરાવતી કમ્પ્યુટર લેબોરેટરી હોવી આવશ્યક છે. માટે સૌરાષ્ટ્ર યુનીવર્સીટી સંલગ્ન B.C.A., B.Sc.(IT), P.G.D.C.A. અને B.Com(Computer Science) પ્રોગ્રામ્સ ચલાવતી કોલેજોમાં પ્રારંભિક ધોરણે આ પ્રોજેક્ટ શરુ કરવા અંગે વિચારણા કરવામાં આવી છે, ત્યારબાદ અન્ય તમામ કોલેજો માં પણ આ પ્રોજેક્ટ શરુ કરવામાં આવશે.

આ પ્રોજેક્ટ શરુ કરવા માટે કોલેજે તેમજ ટ્રેનીંગ પ્રાપ્ત કરવા અને પરીક્ષા આપવા માટે વિદ્યાર્થીઓ/અધ્યાપકો એ કોઈપણ પ્રકારની ફી ચુકવવાની રહેશે નહિ. I.I.T. મુંબઈ દ્વારા વિવિધ વિષયો જેવા કે **Linux, LaTex, Scilab, Python,PHP & MySQL, C, C++, Java** વિગેરે ની ટ્રેનીંગ માટે મટીરીયલ તેમજ વીડિઓ લેકચર વિનામૂલ્યે દરેક સંસ્થા ને આપવામાં આવશે. આ પૈકી કોઈપણ વિષય પસંદ કરીને વિદ્યાર્થીઓ કે અધ્યાપકો જે તે વિષય ની ટ્રેનીંગ મેળવીને ઓનલાઈન પરીક્ષા આપીને I.I.T. મુંબઈ નું પ્રમાણપત્ર પ્રાપ્ત કરી શકશે. આ પ્રમાણપત્ર વિદ્યાર્થીઓ/અધ્યાપકો ને કારકિર્દી માટે ઉપયોગી થશે. **અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રોજેક્ટ શરુ કરનાર કોલેજ NAAC ના SSR માં દર્શાવી શકશે કે અમારી કોલેજ ના તમામ વિદ્યાર્થીઓ/અધ્યાપકો કમ્પ્યુટર પ્રશિક્ષિત છે.** (જેના NAAC એક્રેડિટેશનમાં માર્કસ મળી શકે છે.)

આપની સંસ્થા માં આ પ્રોજેક્ટ શરુ કરવા માટે એક સીનીયર અધ્યાપક ની પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર (પ્રતિનિધિ) તરીકે આપશ્રી દ્વારા નિમણુક કરવાની રહેશે. દરેક પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર પોતાની સંસ્થામાં સેલ્ફ વર્કશોપ નું આયોજન કરીને આ પ્રોજેક્ટનું સુચારુ સંચાલન કરી શકે તે માટે I.I.T. મુંબઈ દ્વારા ટ્રેનીંગ પણ આપવામાં આવશે.

**આપ સાહેબ ને ખાસ જણાવવાનું કે આ પ્રોજેક્ટ આપની કોલેજ/સંસ્થા માં શરુ કરવા માટે આપશ્રી એ નિમણુંક કરેલ કો-ઓર્ડીનેટર અને સંસ્થા/કોલેજની નીચે મુજબ ની વિગત દિવસ ૧૦ માં stpiitsu@yahoo.com ઉપર ઈ-મેઈલ દ્વારા અચૂક મોકલી આપશો.**

| | | |
|---|---|---|
| 1 | Name of Institute | |
| 2 | Address of Institute | |
| 3 | E-mail addres of Institute | |
| 4 | Name of co-ordinator(Representative) | |
| 5 | Mobile number of co-ordinator(Representative) | |
| 6 | E-mail address of co-ordinator(Representative) | |

(ડૉ. ગીરીશ ભીમાણી)

(ડૉ. કિશોર આટકોટિયા)

**ખાસ નોંધ: ઉપરોક્ત બાબત વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ના ધ્યાન ઉપર લાવીને તેમનો ઉત્સાહ વધારશો.**